# શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પાસે ૩૭.૪૪ લાખનો દારૂ ઝડપ્યો

શામળાજી, તા.૭

ગુજરાતમાં દારૂબંધી અમલ હોવાથી ગુજરાતમાં વિદેશી દારૂનો ગેરકાયદેસર વેપલો કરી નફો રળી લેવા બુટલેગરો સતત પ્રયત્નશીલ હોય છે. અરવલ્લી જિલ્લના પી.એસ.આઈ. આર.ટી. ઉદાવત અને તેમના સ્ટાફ દ્વારા રવિવારે રાત્રે શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ પર સઘન પેટ્રોલીંગ હાથ ધરાયું હતું ત્યારે રવિવારે રાત્રે ૨.૩૦ વાગ્યાની આસપાસ રાજસ્થાન તરફથી હતો. સાથે ટ્રકની કિંમત રૂ. ૧,૦૦,૦૦૦ તથા મોબાઈલ નં.૧ કિંમત રૂ. ૫૦૦ મળી કુલ ૪૭૪૪૫૦૦રૂ.નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો. શામળાજી પોલિસે રવિવાર રાત્રે ૩૭.૪૪ લાખનો દારૂ



(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

શામળાજી પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.ટી. ઉદાવત અને તેમની ટીમે રવિવારે રાત્રે ટ્રકમાંથી ૩૭,૪૪,૦૦૦નો વિદેશી દારૂ ઝડપી પાડયો હતો. શામળાજી પોલિસના સઘન પેટ્રોલિંગથી આંતરરાજય બુટલેગરો અને સ્થાનિક બુટલેગરોમાં સોંપો પડી ગયો છે.

ભિલોડા તાલુકાના પ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી પોલિસ સ્ટેશનના આવી રહેલી ટ્રક (એચઆર ૬૩ બી૧૮૮૭)ની શંકાના આધારે તલાશી હાથ ધરતાં છુપાવીને રાખેલો વગર પાસ પરમીટનો ગેરકાયદેસર વિદેશી દારૂ તથા બિયરની જુદા જુદા માર્કાની પેટીઓ નંગ ૮૨૦ મળી કુલ બોટલ અને ટીન નંગ ૧૨૩૯ ની કુલ કિંમત રૂ. ૩૭,૪૪,૦૦૦નો વિદેશી દારૂ ઝડપી ટ્રક ચાલક જગપ્રિતસિંગ ગુરુદિપસીંગ રોડાશીખને ઝડપી પાડયો ઝડપી પાડતાં બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. શામળાજી પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.ટી. ઉદાવતે ટ્રક ચાલકને ઝડપી પાડયો હતો જયારે ટ્રક ચાલકને મદદ કરનાર કારજસીંગ સીંગરાસીંગ શીખ (રહે. રોહતક હરિયાણા) વિરૂધ્ધ વગર પાસ પરમીટ વગરનો વિદેશી દારૂ હેરાફેરી કરવાના ગુન્હામાં પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલને હવાલે કરી દીધો હતો.

# વિરપુરની પરિણીતાને ત્રાસ આપતા પતિ વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૭

વિજયનગર તાલુકાના આતરસુંબાવિરપુર ગામની પરિણીતાને તેનો પતિ તું ગમતી નથી, અમારા ઘરમાં શોભતી નથી તેમ કહી પરેશાન કરતો હતો અને તું ચારિત્રહીન છે તેવી શંકા રાખી મારઝૂડ કરતો હતો. જેનાથી કંટાળી પરિણીતાએ શનિવારે પતિ વિરૂધ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે વિરપુર ગામનો કાવજી ધનજી કોટડ તેની પત્નિ સીતાને ગત ૧૦ વર્ષથી તું અમારા ઘરમાં શોભતી નથી, તું ખરાબ ચારિત્રની હોવાની શંકા રાખી તકરાર કરતો હતો. સાથે જ કાવજી સીતાને અવારનવાર માર પણ મારતો હતો. પરંતુ સીતાબેન માબાપ અને પિયરીયાની આબરૂ ખાતર મૂંગા મોંઢે બુધ સહન કરી લેતી હતી. પરંતુ ગત અઠવાડિયાથી કાવજી કોટડે સીતાબેને શારીરિકમાનસિક ત્રાસ આપી અપશબ્દો બોલી મારા મારી કરતા કંટાળી ગયેલી સીતાબેને પતિ કાવજી ધનજી કોટડ વિરૂધ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# અમેરિકાના એડીસન ખાતે ઈન્ડીયન નેશનલ ઓવરસીસ કોંગ્રેસનું સંમેલન યોજાયું

## સંમેલનમાં ગુજરાત ચેપ્ટરની શરૂઆત કરાઈ : પ્રમુખ તરીકે અનિલ પટેલની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૭

કોંગ્રેસ પક્ષના ઓવરસીસ એકમ આઈએનઓસીની અમેરિકન શાખા દ્વારા ન્યુ જર્સી રાજયના એડિસન ખાતે ૩૫૦થી વધુ આગેવાનોને સંબોધતા અર્જુન મોઢવાડીયાએ ૨૧મી સદીને ભારતની સદી ગણાવતા સમાનતા, માનવ અધિકારો, મહિલા અધિકારો, પરિસ્થિતિ પર બોલતા તેમણે મોદી સરકાર પર યુપીએ સરકારની યોજનાઓના નામ બદલી માર્કેટીંગ-પેકેજીંગનો આક્ષેપ કર્યો હતો અને એક




યોજાયેલ મીટીંગમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ હાજરી આપી હતી. આ પ્રસંગે આઈએનઓસીના ગુજરાત ચેપ્ટરની રચના કરાઈ હતી તેમજ ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની પણ ઉજવણી કરી તેમને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

રોયલ આલ્બર્ટ હોલમાં યોજાયેલ આ મીટીંગમાં ઉપસ્થિત સંપૂર્ણ લોકશાહી જેવા ઉચ્ચતમ મૂલ્યોને ભારતે ઝડપી પ્રગતિ કરી લોકજીવનમાં ઉતારવા અને શાસન વ્યવસ્થામાં દાખલ કરવા પ્રગતિ કરી છે તેમ જણાવ્યું હતું. ડૉ. બાબાસાહેબ આંબેડકરને શ્રધ્ધાંજલિ આપતા તેમણે દેશની કોઈ પણ વિચારધારા બંધારણના મૂળભૂત ઢાંચાને બદલી ન શકે તેવી વ્યવસ્થા આપી હોવાનું જણાવ્યું હતું. દેશની વર્તમાન વર્ષમાં વિકાસની ગતિ ધીમી પડી હોવાથી યુવાનો અને વિચારકો નિરાશ હોવાનું જણાવ્યું હતું.

આઈએનઓસીના પ્રમુખ જુનેદ કાઝીએ ગુજરાત ચેપ્ટર શરૂ કરવાની જાહેરાત કરી પ્રમુખ તરીકે અનિલ પટેલના નામની જાહેરાત કરી હતી. ભારતીય અગ્રણી પીટર કોઠારી, અનિલ પટેલ, વિરૂ પટેલ અને મહેશ પટેલે પણ સંમેલનને સંબોધન કર્યું હતું.

# વિજયનગર તાલુકાના ચિઠોડા પોલીસ મથકનો શુભારંભ

હિંમતનગર, તા.૭

વિજયનગર તાલુકાના ચિઠોડા ગામે પોલીસ મથક શરૂ કરવાની સ્થાનિક રાજકીય, વેપારી, સામાજિક અગ્રણીઓની વર્ષો જૂની માગણીનો શુક્રવારે અંત આવ્યો હતો. જિલ્લા પોલીસવડાના હસ્તે શુક્રવારે ચિઠોડા પોલીસ મથક રાજીવગાંધી ભવન ખાતે શુભારંભ કરવામાં આવ્યો હતો.

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાનું ચિઠોડા ગામ પાલપટ્ટા, ચોરીમાલા, કુંડોલપટ્ટાનું મુખ્ય વ્યાપારી કેન્દ્ર છે, સાથે જ આ વિસ્તારમાં વર્ષોથી ગુનાહિત પ્રવૃતિઓ પણ તાલુકામાં સૌથી વધુ બનતી રહી હોવાથી કાયદો અને વ્યવસ્થા સુચારૂ રૂપે જળવાય તેવા ઉદ્દેશ્યથી સ્થાનિક રાજકીય અગ્રણીઓ લક્ષ્મણભાઈ કોટવાલ, પૂર્વ ધારાસભ્ય બહેચરભાઈ બારા, રમીલાબેન બારા, વર્તમાન ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ, ચિઠોડા સરપંચ લક્ષ્મણભાઈ, સરપંચ કિરીટભાઈ સડાત દ્વારા રાજય સરકાર સમક્ષ અનેકવાર ચિઠોડા ખાતે પોલીસમથક શરૂ કરવા રજુઆત કરવામાં આવી હતી. જેના પરિણામે ચિઠોડા પોલીસ મથક શરૂ કરવાની જાહેરાત ગૃહખાતા થઈ હતી. જયારે હાલ પૂરતુ અસ્થાઈ રૂપે ચિઠોડા રાજીવગાંધી ભવનના મકાનમાં શુક્રવારે જિલ્લા પોલીસવડા પ્રવિણકુમાર માલે રાજય આદિજાતિ બોર્ડ ચેરમેન રમીલાબેન બારા, નાયબ પોલીસવડા જયોતિબેન પટેલ અને પી.એસ.આઈ. એ. બી. ઠાકોરની ઉપસ્થિતિમાં ખુલ્લુ મુકયુ હતું. આ પ્રસંગે તાલુકા કારોબારી ચેરમેન પી.ડી.જાદવ, સરપંચ લક્ષ્મણભાઈ બોદર સહિત રાજકીય, સામાજિક, વ્યાપારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આમ લોકોની વર્ષો જૂની માગણી સંતોષાઈ હતી.

# સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાંથી ૧૨૦૦ કિ.ગ્રા. મેગીનો જથ્થો બજારમાંથી પરત ખેંચ્યો

હિંમતનગર, તા. ૭

ગુજરાત સરકારે નેસ્લે કંપનીના મેગી નુડલ્સના વેચાણ અને વપરાશ પર એક મહિના માટેનો પ્રતિબંધ મૂકી દીધો છે. શુક્રવારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ફૂડ વિભાગના અધિકારીઓ હરકતમાં આવીને ૧૨૦૦ કિ.ગ્રા. જથ્થો બજાર પરત ખેંચવા વિક્રેતાઓને આદેશ કર્યો છે તો બીજી તરફ આઈ.ટી.સી. કંપનીના નુડલ્સનું સેમ્પલ લઈને અમદાવાદ ખાતેની લેબોરેટરીમાં પરિક્ષણ માટે મોકલી આપવામાં આવ્યુ હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે.

આ અંગેની વિગત એવી છે કે ઉત્તરપ્રદેશ, દિલ્હી, કેરળ જેવા રાજયોમાં મેગી નુડલ્સના વેચાણ અને વપરાશ પર પ્રતિબંધ જાહેર કરાયા બાદ ગુજરાત સરકારે પણ એક મહિના માટેનો પ્રતિબંધ જાહેર કર્યો છે. સાબરકાંઠા જિલ્લામાં મેગી નુડલ્સનું વેચાણ કરતા છ વિક્રેતાઓને ફૂડ વિભાગના અધિકારીઓએ મુલાકાત લઈને ૧૨૦૦ કિ.ગ્રા. જથ્થો બજારમાંથી પરત ખેંચવાની કાર્યવાહી કરી છે.

આ અંગે વધુ માહિતી આપતા ફૂડ વિભાગના ઈન્સપેકટર તેજસ પટેલે એક વાતચીતમાં જણાવ્યુ હતું કે હિંમતનગર, ઈડર, પ્રાંતિજ સહિતના તમામ તાલુકાઓમાં મેગી નુડલ્સનું વેચાણ કરતા વિક્રેતાઓને પોતાનો સ્ટોક પરત ખેંચવા માટે આદેશ કરવામાં આવ્યો છે. છૂટક તથા જથ્થાબંધ વેચાણ કરતા દુકાનદારોને પણ પોતાના ગોડાઉનમાં રાખેલો જથ્થો વિક્રેતાઓને પરત જમા કરવા માટેની જાણ કરવામાં આવી છે.

શુક્રવારે ૧૨૦૦ કિ.ગ્રા. જથ્થો પરત ખેંચી લેવામાં આવ્યો છે. અગાઉ પ્રાંતિજ અને ઈડર ખાતે એકએક સેમ્પલ મેગી નુડલ્સના લઈને લેબ પરિક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે. આ ઉપરાંત આઈ.ટી.સી. કંપનીની બનાવટ પેપી બ્રાન્ડ નુડલ્સના સેમ્પલ લઈને લેબ પરિક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા હોવાનું વધુમાં તેમણે જણાવ્યુ હતું.

# વિજયનગર તાલુકામાં ૧.૨૪ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

હિંમતનગર, તા.૭

વિજયનગર તાલુકામાં રૂા.૧.૨૪ કરોડના ખર્ચે નિર્મિત અને નિર્માણ થનારા વિકાસ કાર્યોનું શુક્રવારે રાજય બાળ વિકાસ નિગમના અધ્યક્ષાએ ગુજરાત આદિજાતિ વિકાસ બોર્ડના અધ્યક્ષની રૂબરૂ લોકાર્પણખાતમુર્હૂત કર્યુ હતું.

આ અંગે તાલુકા વિકાસ અધિકારી જશુભાઈ.બી.મોડીયાના જણાવ્યા અનુસાર વિજયનગર તાલુકામાં રૂા.૧.૨૪ કરોડના ખર્ચે નિર્માણ પામનારા અને નવનિર્મિત પ્રાર્થના હોલ, ડીપ, પુર નિયંત્રણ દિવાલ, ડામર, સી.સી. રસ્તાનું લોકાર્પણ અને ખાતમુર્હૂત રાજય બાળ વિકાસ આયોગના અધ્યક્ષા રામેશ્વરીબેન પંડયાએ ગુજરાત આદિજાતિ વિકાસ બોર્ડના અધ્યક્ષા રમીલાબેન બારા, જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન પટેલ, ભાજપ અગ્રણી નટવરસિંહજી ભાટી, પ્રાંત અધિકારી વી.આર.સકસેના, મામલતદાર, તાલુકા પંચાયત પ્રમુખ મંજુલાબેન કટારાની ઉપસ્થિતિમાં લોકાર્પણ અને ખાતમુર્હૂત કર્યુ હતું. આ કાર્યક્રમની સફળતામાં મદદનીશ તાલુકા વિકાસ અધિકારી સુરપાલભાઈ સુવેરા, બાંધકામ વિસ્તરણ અધિકારી ડી.એસ.રાવલ, નાયબ ઈજનેર માર્ગ અને મકાન ડી.કે.ચારણ, તાલુકા કેળવણી નિરીક્ષક આર.બી.નિનામાએ ભારે જહેમત ઉઠાવી હતી. તાલુકાના વિવિધ સ્થળો પર યોજાયેલા કાર્યક્રમોમાં સ્થાનિક સરપંચો, રાજકીય અગ્રણીઓ, તાલુકા સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાવાની મીરાદાતાર દરગાહ ખાતેથી મહારાષ્ટ્રની કિશોરીનું અપહરણ

ઊંઝા, તા. ૭

ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ગામે મીરાંદાતાર દરગાહમાં દર્શનાર્થે આવેલ મહારાષ્ટ્રના એક મુસ્લિમ પરિવારની સગીરવયની દિકરીનું કોઈ શખ્સોએ અપહરણ કર્યુ હોવાની ફરિયાદ નોંધાતા આ વિસ્તારમાં ભારે ચકચાર જાગી છે.

વિગત એવી છે કે, મહારાષ્ટ્ર મુંબઈમાં રહેતા એક મુસ્લિમ પરિવારની એક મહિલા માનસિક બિમારીથી પીડાતી હોઈ તેણીના પરિવારજનો રાજસ્થાનના અજમેર ખાતેની દરગાહ પર ગયા હતા. અહીંથી આ પરિવાર ગુજરાતના ઉનાવા ખાતે મીરાંદાતારની દરગાહ પર આવ્યા હતા. દરમિયાન સવારના સમયે આ પરિવારે એક ૧૪ વર્ષિય સગીર દિકરી બજારમાં નાસ્તો લેવા માટે જતાં કોઈ અજાણ્યા શખ્સો આ સગીરાનું ક્યાંક અપહરણ કરી ગયો હતો. આ બનાવ અંગે ઊંઝા પોલીસે અપહરણનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, યાત્રાસ્થળ ઉનાવા ગામમાં છેલ્લા કેટલાક સમયથી પોલીસની નિષ્ક્રિયતાને કારણે ગુનાખોરી અને સમાજ વિરોધી પ્રવૃત્તિઓનો વ્યાપ વધી ગયો છે. આ વિસ્તારમાં પોલીસતંત્ર જેવું કશું જ ન હોય તેમ ગુનેગાર તત્વોએ માથું ઉચક્યું છે. આ સાથે દારૂ, જુગારના અડ્ડાઓ, કેફી પદાર્થોનું વેચાણ તેમજ અન્ય સમાજ વિરોધી પ્રવૃત્તિઓ બેરોકટોક ચાલી રહ્યાનું કહેવાય છે.

કહે છે કે, ઉંઝા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓની ભ્રષ્ટ નીતિરીતિથી લોકોમાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે.

તાજેતરમાં ઊંઝા પોલીસ સ્ટેશનના કોઈ એક અધિકારીએ ઉનાવાના કોઈ વેપારી પાસેથી મોટી રકમનો તોડ કર્યો હોવાનું ચર્ચાય છે. આમાં ખરેખર સત્ય શું છે? તે અંગે ઉચ્ચકક્ષાએથી તપાસ થવી જરૂરી મનાય છે.

# સાલેરામાં વિકાસ કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જિલ્લાના નવરચિત પોશીના તાલુકાના વિકાસ માટે રાજય સરકાર દ્વારા વિવિધ વિકાસ કામોનો પ્રારંભ કરાયો છે ત્યારે રવિવારે સાલેરાથી ઝીંઝણાટ રોડ, સાલેરાથી ભાખરમાતાનો સીસી રોડ તથા ભાખર ખાતે આનુસંગિક રોડ બનાવવા માટે રૂા.૧.૬૫ કરોડનો ખર્ચ મંજુર કરાતા તેનું ખાતમુર્હૂત રવિવારે જિલ્લા પંચાયતના પ્રમુખ શાંતાબેન પટેલ, આદિજાતિ વિકાસ આયોગના ચેરમેન રમીલાબેન બારા, રામેશ્વરીબેન પંડયાની ઉપસ્થિતિમાં કરાયુ હતું. આ પ્રસંગે રમીલાબેન બારાએ છેવાડાના વિસ્તારમાં રહેતી પ્રજા માટે સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી. તેમજ શૌચાલય બનાવવા અને દિકરીઓને ભણાવવા ઉપર ભાર મૂકયો હતો.

ખાતમુર્હૂત અને લોકાર્પણ કાર્યક્રમમાં મુળજીભાઈ પટેલ, લુકેશભાઈ ગમાર, મામલતદાર એચ. એન. મોદી, પ્રાંત અધિકારી સકસેના, તાલુકા વિકાસ અધિકારી પી. એન. પટેલ, નાયબ કાર્યપાલક ઈજનેર જે.ડી.વસાવા, પિપળીયાના સરપંચ સોમાભાઈ સોલંકી સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શબ્દાવલી - ૫૭૫૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | | | | |
| ૯ | | ■ | ૧૦ | | | ■ | |
| | ■ | ■ | ૧૧ | | ■ | ૧૨ | ■ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ■ | ■ | ૧૬ | | |
| ■ | ૧૭ | | | ૧૮ | ■ | ■ | ■ |
| ૧૯ | | | ■ | ૨૦ | | ૨૧ | ૨૨ |
| | ■ | ■ | ૨૩ | | ■ | ૨૪ | |

**આડી ચાવી**

૧. સમુદ્ર, સાગર (૩)
૩. ગુનો, વાંક (૪)
૭. શ્વાસ (૨)
૮. ધોધમાર (૫)
૯. બીક, હાઉ (૨)
૧૦. એક પક્ષી (૩)
૧૧. તલ્લીન, રત (૨)
૧૩. નાશવંત (૩)
૧૬. પરિણામ (૩)
૧૭. મદીરાલય (૪)
૧૯. પાણીનું જામી જવું તે (૩)
૨૦. કલશોર, કલરવ (૪)
૨૩. મરી મીટવું, કુરબાન થવું (૨)
૨૪. તિરાડ (૨)

**ઊભી ચાવી**

૧. શરુઆત કરવી (૫)
૨. ચમક, ચમકાટ (૩)
૩. અણબનાવ (૪)
૪. ગયે કે આવતે ત્રીજે વર્ષે (૩)
૫. રાધિકા (૨)
૬. પૃથ્વી, ધરા (૩)
૮. એક શીખ સંપ્રદાય (૩)
૧૨. લોકો, જનતા (૨)
૧૪. સસરા (૩)
૧૫. ફરાર અશબ્દ આડોઅવળો (૩)
૧૮. યશોમતિ, જશોદા (૩)
૧૯. પપ્પી, કીસ (૨)
૨૧. બખોલ, બોડ (૨)
૨૨. વાળની સેર (૨)

## શબ્દાવલી ૫૭૫૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) પારકા (૪) તલસાટ (૭) મજાક (૮) ટાપા (૯) ડીઝાઈન (૧૩) કાજ (૧૫) ઘરકામ (૧૬) બનાના (૧૮) ઝોમ (૧૯) જોસ (૨૦) ઘટમાળ (૨૩) રબ

**ઊભી ચાવી :-** (૧) પામર (૨) રજા (૩) કાકડી (૪) તળાઇ (૫) સાટા (૬) ટપાલ (૧૦) ઝાકમઝોળ (૧૧) નકાબ (૧૨) મરઘટ (૧૪) જનાજો (૧૭) નાસમજ (૨૦) ઘર (૨૧) માળ (૨૨) લબ

## હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાંથી રૂ. ૨૦ હજારનું બાઈક ચોરાયુ

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાંઆવેલ સીટી કોર્નર રેસ્ટોરન્ટ પાસેથી તા.૩ જૂન ના રોજ બાઈક નં.જીજે.૯.એ.એલ.૭૭૨૫ ને અજાણ્યો શખ્સ આવીને ઉઠાવી ગયો હતો. જે અંગે બાઈકના માલિક તાલીબઅલી શાહબુદ્દી ઢાબરાએ તપાસ કરી હતી. પરંતુ કોઈ પત્તો ન મળતા ૨૦ હજારનું બાઈક ચોરાયાની ફરિયાદ શનિવારે એડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે

## પરીક્ષા મોકુફ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

લાખો બેરોજગાર યુવાન-યુવતીઓ એ પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

આ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગત શનિવારે રાજય ભરમાં તલાટી કમ મંત્રીની પરીક્ષા યોજાઈ હતી જેમાં સાબરકાંઠામાં આવેલી એક ખાનગી શાળામાં પરીક્ષા આપી રહેલા બે વિદ્યાર્થીઓ પાસે પરીક્ષા પહેલા જ આખુ પેપર આવી ગયું હોવાની જાણકારી અધિકારીને મળી હતી. જેથી તેઓની તપાસ કરતા તેમની પાસેથી જવાબ સાથેની ઓ.એમ. આર. શીટ મળી આવી હતી. આથી બંને વિરૂદ્ધ હિંમતનગર બી. ડીવીઝન પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

હજુ તો તલાટીની પરીક્ષા ના પેપર ફુટયાની ઘટનાને ૨૪ કલાક પણ નથી થયા ત્યાં તો આજે રવિવારે લેવાનારી ફિમેલ હેલ્થ વર્કર અન જુનિયર કલાર્કની સ્પર્ધાત્મક પરીક્ષાના અગાઉ જ આખે આખુ પેપર જ વોટસઅપ પર ફરતું થતા ગાંધીનગર, અરવલ્લી, સાબરકાંઠા અને મહિસાગર જિલ્લા બંને વિભાગની પરીક્ષાઓ પરીક્ષા સચિવે રદ કરી દીધી હતી અને પરીક્ષા રદ કર્યાની નોટીસ ચીપકાવી દેવામાં આવી હતી આથી પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા આપવા આવેલા અસંખ્ય ઉમેદવારો રઝળી પડયા હતા.

લાંબા સમયની મહેનત લાખો રૂપિયા ખર્ચ કરીને તૈયારી કરી પરીક્ષા આપવા માટે સરકારની બેદરકારીને કારણે ઉમેદવારો આજે પરીક્ષા ખંડ સુધી પણ પહોંચી શકયા ન હતા.

અગાઉના સમયમાં તલાટી, ચીફ ઓફિસર, કલાર્ક અને નાયબ ચીટનીશ વગેરે જેવી પરીક્ષાઓના પેપર ફુટી જવાની ઘટના પ્રકાશમાં આવી છે. જેનું હજુ સુધી કંઈ પરિણામ કે નિકાલ નથી આવ્યો ત્યાં તલાટીની પરીક્ષામાં વધુ એક વિવાદ સામે આવ્યો છે જેથી લાખો ઉમેદવારોમાં ભારો ભાર અસંતોષની લાગણી જોવા મળી છે.

સરકાર અનેક ખાલી જગ્યાઓ ભરવા અસંખ્ય ભરતીની જાહેરાત કરે છે પરંતુ પારદર્શક પરીક્ષા લેવામાં તદન નિષ્ફળ નીવડી છે તે પણ સ્પષ્ટ પણે દેખાય છે.

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે કે કાયદાની આડમાં એવી કેટલીય પ્રોડક્ટ્સ બજારમાં આજે પણ ઉપલબ્ધ છે જે ઝેર સમાન છે. મેગી કરતાં પણ વધારે ખતરનાક એવી ખાદ્ય ચીજો છે કે જેમાં અખાદ્ય પદાર્થોની ભરમાર છે. પ્લાસ્ટીકની કોથળીમાં મળતા પાણીના પાઉચ એ કેમિકલયુક્ત પાણી પેદા કરે છે. આ મિનરલ વોટર નહીં, ગટર કરતાં પણ ગંદુ પાણી છે. પ્લાસ્ટીરની પાતળી બેગમાં ભરેલું પાણી સૂર્યના તડકામાં બે કલાક પડી રહે તો પ્લાસ્ટીકના કેમિકલ ઓગળીને પાણીમાં ભળે છે તેવું ડોક્ટરોનું અનુમાન છે. મેગી કરતાં પણ વધારે દૂષિત પાણી આપણે પીએ છીએ...

**૧૦ રૂપિયામાં નર્મદા જળ વહેંચી શકાય ...**

ગુજરાત સરકાર એવા દાવા કરે છે કે આપણે રાજયના શહેરો અને ગામડાઓમાં પીવા માટે નર્મદાનું જળ પહોંચાડ્યું છે. સેવા માંથી વેપારી બનેલી સરકાર ને એક સિનિયર ધારાસભ્યએ સલાહ આપતા કહ્યું હતું કે `આ સરકાર બધો કારોબાર કરે છે પરંતુ નર્મદા નદીના નિરને પાણીની આકર્ષક બોટલમાં પેક કરીને ગુજરાતના બજારમાં નર્મદા જળ તરીકે વહેંચે તો તે જનતાની ખૂબ મોટી સેવા ગણાશે. બજારમાં પીવાના પાણીની એક બોટલનો ભાવ ૨૦ રૂપિયા થયો છે ત્યારે સરકારે આવું નર્મદા જળ ૧૦ રૂપિયામાં વહેંચવું જોઈએ`. ધારાસભ્યની વાત તો સાચી છે, કારણ કે તામિલનાડુમાં સરકાર જ પાણીની બોટલોનો વેપાર કરે છે અને બજાર કરતાં ઘણું સસ્તું પાણી લોકોને પુરૂં પાડે છે. આપણા મહિલા ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલે આ પ્રયોગને અમલમાં મૂકવો જોઈએ...

**સરકારમાં પીઆરઓ વિના એક વર્ષ પૂર્ણ ...**

ગુજરાત સરકારમાં ભૂતકાળમાં ક્યારેય એવું બન્યું નથી કે ચીફ મિનિસ્ટરના પીઆરઓની જગ્યા ખાલી પડી હોય... પહેલીવાર એક વર્ષ કરતાં વધુ સમયથી ચીફ મિનિસ્ટરના ઓફિસિયલ પબ્લિક રિલેશન ઓફિસર પીઆરઓ ની જગ્યા ખાલી છે. સામાન્ય રીતે આ જગ્યાએ ઈન્ફર્મેશન ડિપાર્ટમેન્ટના સિનિયર મોસ્ટ ઓફિસર ફરજ બજાવતા હોય છે. હાલ નવી દિલ્હીમાં પ્રાઈમ મિનિસ્ટર ઓફિસમાં પીઆરઓની જગ્યાએ ફરજ બજાવતા જગદીશ ઠક્કર ગુજરાતમાં ચીફ મિનિસ્ટરના પીઆરઓ માં સૌથી વધુ સમય રહ્યા હોય તે એક વિક્રમ છે. અમરસિંહ ચૌધરી થી લઈને માધવસિંહ સોલંકી, ચીમનભાઈ પટેલ થી લઈને કેશુભાઈ પટેલ અને છેલ્લે નરેન્દ્ર મોદીના તેઓ પીઆરઓ રહી ચૂક્યાં છે. ઈન્ફર્મેશન ડિપાર્ટમેન્ટમાં ઘણાં કાબેલ ઓફિસરો મોજૂદ છે છતાં આ પોસ્ટ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી પડી છે...

**યુએસએમાં ચોથી વાર - ચાલો ગુજરાત ...**

યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં ચોથી વાર ગુજરાતી પરિવારોએ ચાલો ગુજરાત નામની લોકપ્રિય ઈવેન્ટનું આયોજન કર્યું છે. ધ એસોસિયેશન ઓફ ઈન્ડિયન અમેરિકન્સ ઓફ નોર્થ અમેરિકા આઈના તરફથી અગાઉ ૨૦૦૬, ૨૦૦૮ અને ૨૦૧૨માં ચાલો ગુજરાતનું આયોજન કર્યું હતું, ૨૦૧૫માં ૩૧મી જુલાઈ થી શરૂ થતી ઈવેન્ટ બીજી ઓગષ્ટે પૂર્ણ થશે. અત્રતત્રસર્વત્ર એ આ ઈવેન્ટનો મુખ્ય થીમ છે. આ વખતે ગુજરાતી બિઝનેસમેન અને યુએસ બેઝ ગુજરાતી બિઝનેસમેન વચ્ચે ઈન્ટરએકશન સેસન ગોઠવવામાં આવેલું છે. મુખ્ય ઈવેન્ટ ન્યૂ જર્સીના એડિશનમાં યોજાનાર છે. આઈના ના પ્રેસિડેન્ટ સુનિલ નાયક કહે છે કે આ ઈવેન્ટમાં વિશ્વના દેશોમાંથી ઈન્ડિયન કોમ્યુનિટીના ૪૫,૦૦૦ કરતાં વધુ લોકો ભાગ લેવાના છે જે પૈકી ૮૦૦ મહેમાનો ગુજરાતમાંથી આવવાના છે...

**૨૦૧૭માં વિશ્વ ફરી ગુજરાતને આંગણે ...**

વિશ્વની ૧૧મી એશિયા પેસિફિક સિટી સમિટ ગુજરાતના આંગણે યોજવામાં આવી રહી છે. અંદાજે ૧૦ કરોડ થી વધુ રકમના ખર્ચે ૨૦૧૭માં યોજાનારી આ સમિટ માટે ગુજરાતનું ડેલિગેશન તમામ દેશોને આમંત્રણ આપવા ૭૮ જુલાઈએ ઓસ્ટ્રેલિયાના બ્રિસબેનમાં યોજાઈ રહેલી સમિટમાં જશે. ગુજરાત જેનું મહેમાન બનવા જઈ રહ્યું છે તે સિટી સમિટમાં ૬૦ દેશોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે તેવું સચિવાલયના એક અધિકારીએ જણાવ્યું હતું. ભારતના પ્રાઈમ મિનિસ્ટર જયારે ઓસ્ટ્રેલિયાની મુલાકાતે ગયા હતા ત્યારે તેમણે મેયર્સ ફોરમ ભારતમાં યોજવા માટેની દરખાસ્ત કરી હતી. સંભવ છે કે આ સમિટનું આયોજન સિટી અમદાવાદ હોઈ શકે છે...

## ટુંકી જાહેર નિવિદા નં. ૧ સને ૨૦૧૫-૨૦૧૬

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૧૦, પાટનગર યોજના ભવન, સેકટર-૧૬, પ્રથમ માળ, ગાંધીનગર (ટેલીફોન નં. ૨૩૨૫૯૧૬૮)ની કચેરીએથી અંદાજીત કિંમત રૂ. ૨.૯૦ લાખથી રૂ. ૨.૭૫ લાખ સુધીની રકમના કુલ-૩ (ત્રણ) કામો માટે સીલબંધ ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૧૫-૬-૨૦૧૫ રહેશે અને ભરેલા ટેન્ડર રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૨૩-૬-૨૦૧૫ છે. શક્ય હશે તો ભરાઈને મેળવેલ ટેન્ડર તા. ૨૪-૬-૨૦૧૫ના રોજ ૪.૦૦ કલાકે ઈજારદારશ્રીની હાજરીમાં ખોલવામાં આવશે.

આ કામની વિગતવાર નિવિદા તથા ટેન્ડર માંગવાની અરજી સાથે જોડવાના દસ્તાવેજોની યાદી આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર જરૂર જણાયે કચેરીના કામકાજના દિવસો દરમિયાન રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

માહિતી/૫૮૪/૨૦૧૫-૧૬